## ફોર્મ–એ

| **એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, પાટણ, મું.રાધનપુર.**<br>**શ્રી આર.આર.ચૌધરી, એડી. સેશન્સ જજ.**<br>**(સેશન્સ કેસ નં. ૩૦/૨૦૨૫)**<br>**(ચૂકાદાની તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬)**<br>**આંકઃ– ૪૩**<br>**(એફ.આઈ.આર.ની વિગત, ગુન્હો અને પોલીસ સ્ટેશન)**<br>રાધનપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૧૧૩૮૬<br>**ગુન્હોઃ–** ઈ.પી.કો. કલમઃ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ.<br>**પોલીસ સ્ટેશનઃ–** રાધનપુર પોલીસ સ્ટેશન | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત (મુળ ફરીયાદી નરેશભાઈ સ/ઓ ચીમનભાઈ નેમાભાઈ ઠાકોર)) |
| સરકાર તરફે વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ |
| આરોપીઓ | (૧) જીતાભાઈ સ/ઓ મફાભાઈ રામશીભાઈ ઠાકોર,<br>(૨) સુંડાભાઈ સ/ઓ મફાભાઈ રામશીભાઈ ઠાકોર,<br>(૩) હિનાબેન વા/ઓ જીતાભાઈ મફાભાઈ ઠાકોર,<br>(૪) રમીલાબેન વા/ઓ સુંડાભાઈ મફાભાઈ ઠાકોર, |
| આરોપીઓ તરફે વિ.વકીલશ્રી | વિ.વ.શ્રી એમ.એ.ઘાંચી |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૫/૧૦/૨૦૨૧ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૬/૧૦/૨૦૨૧ |
| કેસ કમીટ થયા તારીખ | ૧૧/૦૭/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૭/૦૨/૨૦૨૬ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૧૦/૦૨/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ચૂકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | આખરી હુકમ મુજબ |

## –આરોપીની વિગત–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્ત કરવામાં આવેલ હોય તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દેષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | સી.આર.પી.સી. ની કલમ– ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમિયાન કોટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | જીતાભાઈ સ/ઓ મફાભાઈ રામશીભાઈ ઠાકોર | ૧૯/૧૧ /૨૦૨૧ | ૧૯/૧૧ /૨૦૨૧ | ઈ.પી.કો. કલમઃ– ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા તથા જી.પી. એક્ટની કલમ– ૧૩૫ મુજબ. | નિર્દોષ છોડવામાં આવ્યાં | આખરી હુકમ મુજબ | |
| (૨) | સું ડાભાઈ સ/ઓ મફાભાઈ રામશીભાઈ ઠાકોર | ૧૯/૧૧ /૨૦૨૧ | ૧૯/૧૧ /૨૦૨૧ | | | | |
| (૩) | હિનાબેન વા/ઓ જીતાભાઈ મફાભાઈ ઠાકોર | ૧૯/૧૧ /૨૦૨૧ | ૧૯/૧૧ /૨૦૨૧ | | | | |
| (૪) | રમીલાબેન વા/ઓ સું ડાભાઈ મફાભાઈ ઠાકોર | ૧૯/૧૧ /૨૦૨૧ | ૧૯/૧૧ /૨૦૨૧ | | | | |

| ફોર્મ–સી<br>ફરીયાદપક્ષના સાહેદોનું લીસ્ટ | | | |
|---|---|---|---|
| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
| ૧ | વિક્રમભાઈ ગીગાભાઈ ભીલ | પંચ | ૨૧ |
| ૨ | ભરતભાઈ કાનજીભાઈ ચૌધરી | પંચ | ૨૭ |
| ૩ | ચન્દ્રશેખર નરેશભાઈ ઠાકોર | સાહેદ | ૩૩ |
| ૪ | શૈલેષભાઈ રઘુભાઈ નાયી | સાહેદ | ૩૪ |
| ૫ | ગાંડાભાઈ રેવાભાઈ રબારી | આઈ/ઓ | ૩૫ |
| ૬ | ભગતસીંહ નરેશભાઈ ઠાકોર | સાહેદ | ૩૬ |
| ૭ | પ્રકાશભાઈ મુળાભાઈ કાળમા | ફરીયાદ લેનાર | ૩૭ |
| ૮ | રમેશભાઈ કમાભાઈ પટેલ | આઈ/ઓ | ૩૯ |

## ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવોઃ–

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૫ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૬ | રાધનપુર રેફરલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૫૮૨, ૫૮૩/૨૧ ના સારવાર સર્ટીઓની નકલ |
| ૩ | ૧૭ | રાધનપુર રેફરલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૫૯૦, ૬૩૧/૨૧ ના સારવાર સર્ટીઓની નકલ |
| ૪ | ૧૮ | જનતા હોસ્પિટલ પાટણના એમ.એલ.સી.નં.૩૮૪૩૯, ૩૮૪૦૫/૨૧ ના સારવાર સર્ટીઓની નકલ |
| ૫ | ૧૯ | ધારપુર મેડીકલ હોસ્પિટલના એમ.એલ.સી.નં. ૨૪૨૭,૨૪૨૮/૨૧ ના સારવાર સર્ટીઓની નકલ |
| ૬ | ૨૨ | મારક હથીયારનુ પંચનામુ |
| ૭ | ૨૩ થી ૨૬ | પંચ સ્લીપો |

| | | |
|---|---|---|
| ૮ | ૨૮ | પી.એસ.ઓ.નો ડેપ્યુટ હુકમ |
| ૯ | ૨૯ | મરણ જનાર વરસંગભાઈ ધરમશીભાઈ ઠાકોરની પી.એમ.નોટ ૧૨૯/૨૧ તથા કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટની નકલ |
| ૧૦ | ૩૦ | મામલતદારશ્રી પાટણની ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા આપેલ યાદી |
| ૧૧ | ૩૧ | માહે–૧૦/૨૦૨૧ નુ હથીયાર બંધી જાહેરનામુ |
| ૧૨ | ૩૮ | ફરીયાદ દાખલ થવા સારુ આપેલ અસલ રીપોર્ટ |
| ૧૩ | ૪૦ | રાધનપુર પોસ્ટે ક્રોસ ગુ.ર.નં. ૧૩૮૭/૨૧ની એફ.આઈ.આરની નકલ |
| ૧૪ | ૪૧ | એફ.એસ.એલ. સ્થળ પરીક્ષણ અહેવાલની નકલ |

**––ઠરાવ––**

**<u>ફરીયાદ</u>**

**(૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની હકીકત એવી છે કે, '' તા. ૧૫/૧૦/૨૧ ના સવારના આશરે નવેક વાગે અમારા ગામ નજીક આવેલ શેરગંજ (કુણશેલા) ગામે હુ મારા માથાના વાળ કપાવવા સારુ શૈલેષભાઈ રઘુભાઈ નાઈની દુકાને ગયેલ હતો તે પછી હુ દુકાનની બહાર નિકળેલ તો આ શેરગંજ (કુણશેલા) ગામના ઠાકોર સુંડાભાઈ મફાભાઈનાઓ મારી પાસે આવેલ અને મને કહેવા લાગેલ કે તુ કેમ અમારા ગામમા વાળ કપાવવા આવેલ છે. કેમ રાધનપુર જતો નથી. તેમ કહી મા બેન સામી ગાળો બોલવા લાગેલ જેથી મે તેને ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ જઈ તેના હાથથી મારી બં ને આંખો ઉપર તેમજ મોઢાના ભાગે ફેંટો મારવા લાગેલ જેથી હુ કાંઈ બોલેલ નહી અને હુ મારુ મોટર સાઈકલ લઈ હુ મારા ઘરે આવતો રહેલ અને ઘરે સુઈ ગયેલ અને તે પછી આશરે ત્રણેક વાગે મારા દિકરા ચન્દ્રશેખર તથા ભગતસીં હનાઓ ઘરે આવેલ અને મે તેઓને આ ઉપરોકત બનાવની વાત કરેલ તે પછી હુ તથા મારા બંને દિકરાઓ મોટરસાઈકલમા બેસી આશરે સવા ત્રણ વાગે આ

ઠાકોર સુંડાભાઈ મફાભાઈનાઓના ઘરે ઠપકો આપવા જતા આ સુંડાભાઈ મફાભાઈનાઓ હાથમા લાકડી લઈ આવી તથા જીતાભાઈ મફાભાઈનાઓ હાથમા ધારીયુ લઈ આવી તેઓના ઘરની બહાર આવેલ ગરબી ચોકમા અમો ત્રણેય બાપ દિકરાઓ ઉભા હતા ત્યા આવી આ જીતાભાઈ મફાભાઈનાઓ મા બેન સામે ભુંડી ગાળો અમોને બોલવા લાગેલ જેથી મે ગાળો બોલવાની ના પાડતા આ જીતાભાઈનાઓએ તેમના હાથમાનુ ધારીયુ માથાના વચ્ચેના ભાગે તેમજ માથાના પાછળના ભાગે મારી દિધેલ અને મને લોહી નિકળવા લાગેલ અને આ સુંડાભાઈ મફાભાઈનાઓએ તેના હાથમાની લાકડી મારા દિકરા ચન્દ્રશેખરના ડાબા હાથમા કાંડાના ભાગે મારી દીધેલ અને તે પછી ઘરની અંદરથી તેઓનુ ઉપરાણુ લઈ બે બહેનો તેઓના હાથમા લાકડી લઈ આવેલી જે બહેનોના નામની મને ખબર નથી. જેમાની એક બહેને મને જમણા હાથે લાકડી કુણીના ભાગે તેમજ આંગળીના ભાગે મારેલ તેમજ બંને પગની પેડીઓ ઉપર મારેલ તેમજ બીજી બહેને મારા દિકરા ચન્દ્રશેખરને જમણા પગના ઘુંટણ નીચે તેમજ પાછળ ગુદાના ભાગે લાકડી મારેલ અને મારો દિકરો ભગતસીંહ વચ્ચે પડતા તેને પણ આ ચારેય જણાએ ગડદા પાટુનો માર મારેલ તે પછી અમો બુમાબુમ કરતા નજીકમાથી માણસો આવી જતા આ ચારેય જણાઓ તેઓના ઘર તરફ જતા જતા કહેતા હતા કે આજે તો તમે આ બધા માણસો આવી ગયેલ છે જેથી તમો બચી ગયેલ છે પરંતુ લાગ આવેથી તમો બધાને જાનથી મારી નાખીશુ તેવી જાસા ધમકીઓ આપતા આપતા તેઓના ઘર તરફ નીકળી ગયેલ અને તે પછી મારો દિકરો ભગતસીંહ ત્યાથી બીકનો માર્યો જતો રહેલ તે પછી હુ તથા મારો દિકરો ચન્દ્રશેખર એ રીતના અમો બંને ખાનગી વાહનમા બેસી રાધનપુર રેફરલ હોસ્પી.મા આવેલ અને ત્યા ફરજ પરના ડોકટર સાહેબે અમારા બંનેની સારવાર કરેલ અને અમો બંન્નેન વધુ સારવાર સારુ પાટણ રીફર કરતા મારી પત્ની ગીતાને મારા દિકરા

ચન્દ્રશેખરે ફોન કરી બોલાવતા તે પણ આવી ગયેલ અને રાધનપુર એમ્બ્યુલન્સમા અમો ત્રણેય બેસી પાટણ ધારપુર ખાતે આવેલ અને ફરજ પરના ડોકટર સાહેબે અમો બંન્નેની સારવાર કરેલ અને મને ધારપુર સીવીલ હોસ્પી.મા આવેલ ટ્રોમા વોર્ડમા દાખલ કરેલ અને મને ખાટલા નં. ૨ મા હુ સારવાર હેઠળ છુ એન હાલમા સંપુર્ણ ભાનમા છુ જેથી ઉપરોકત ચારેય જણાઓ વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપતા રાધનપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૧૧૩૮૬ , ઈ.પી.કો. કલમઃ-૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધવામાં આવેલો છે.

(૨) સદર ફરીયાદની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આ ગુનાના આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ-૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સાહેબશ્રીની કોર્ટ, રાધનપુર સમક્ષ રજુ કરવામાં આવતા તે ક્રિમિનલ કેસ નં.૧૭૧/૨૦૨૨ થી નોંધવામાં આવેલ.

**<u>કમીટલ કાર્યવાહી</u>**

(૩) આ કામના આરોપીઓ વિદ્વાન એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સાહેબશ્રીની કોર્ટ, રાધનપુર કોર્ટમાં હાજર તથા, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે તેઓના વિનામુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી અને તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ હુકમ કરી ક્રિમિનલ કેસ નં. ૧૭૧/૨૦૨૨ ને અત્રેની એડીશનલ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં.૩૦/૨૦૨૫ થી દાખલ કરવામાં આવેલ.

**<u>તહોમતનામુ–જવાબ</u>**

(૪) ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયેની જોગવાઈઓનુ પાલન કર્યા બાદ આરોપીઓને આંક–૧૦ થી ઈ.પી.કો.કલમઃ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલું અને આંક– ૧૧ થી ૧૪ આરોપીઓનુ નિવેદન લેતા, આરોપીઓએ ગુનો કબુલ નહિ હોવાનું અને કેસ આગળ ચલાવવાનું જણાવતાં, આરોપીઓ સામે ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૫) ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું વર્ણન આ ચુકાદામાં આગળ 'ફોર્મ–સી' ના ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાના વર્ણનનું પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે પુરાવાનું વર્ણન કરવામાં આવતુ નથી.

**<u>સી.આર.પી.સી.ની કલમ– ૩૧૩ અન્વયેની કાર્યવાહી</u>**

(૬) ફરીયાદ પક્ષે આંક–૪૨ થી ક્લોઝિંગ પુરસીસ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કર્યા બાદ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીઓએ તેઓની સામે પડેલ પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, "અમોએ કોઇ ગુનો કરેલ નથી, અમો નિર્દોષ છીએ, પોલીસે અમોને ખોટા ગુનામા સંડોવી દીધેલ છે'' તેમજ આરોપીઓએ સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે તથા બચાવના કોઈ સાહેદ તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.

**<u>બંને પક્ષની દલીલઃ–</u>**

**(૭)** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ તથા તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી એમ.એ.ઘાંચી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૮)** બંને પક્ષોની દલીલો તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ સવારના આશરે નવેક વાગ્યે કુણશેલા (શેરગંજ) ગામે વાળ કપાવવા સારું શૈલેષભાઇ રઘુભાઇ નાઇની દુકાને ગયેલ તે વખતે તમો આરોપી નં.(૨) નાએ ફરીયાદીને કહેલ કે તુ કેમ અમારા ગામમાં વાળ કપાવવા સારુ આવે છે અને રાધનપુર જતો નથી તેમ કહી ફરીયાદીને મા–બેન સામી ભુડી ગાળો બોલી ફરીયાદીની આંખો ઉપર તેમજ મોઢાના ભાગે ફેંટો (મુકકા) મારી ઝપાઝપી કરેલી. ત્યારબાદ ફરીયાદી તેઓના ઘરે જતા રહેલા અને તેજ દિવસે સાંજના ત્રણેક વાગ્યે ફરીયાદી, ફરીયાદીના દિકરા ચંદ્રશેખર તથા ભગતસિંહ ત્રણેય મોટર સાયકલ લઇ તમો આરોપી નં.(૨) ના ઘરે ઠપકો આપવા આવતા તમો આરોપી નં.(૨) નાએ હાથમા લાકડી લઇ તથા આરોપી નં.(૧) નાઓ હાથમા ધારિયું લઇ આવેલ અને ફરીયાદી તથા સાહેદોને તમો મા–બેન સામી ભુડી ગાળો બોલવા લાગેલા જેથી ફરીયાદી તથા સાહેદોએ તમોને ગાળો બોલવાની ના પાડતાં તમો આરોપી નં.(૧) ના હાથમાનુ ધારિયું ફરીયાદીને માથાના વચ્ચેના ભાગે તથા માથાના

પાછળના ભાગે મારેલ તથા તમો આરોપી નં.(૨) ના હાથમાની લાકડી ફરીયાદીના દિકરા ચંદ્રશેખરના ડાબા હાથના કાંડાના ભાગે મારેલી તથા તમો આરોપી નં. (૩) તથા (૪) નાઓએ ફરીયાદીને જમણા હાથે કુણીના ભાગે તેમજ આંગળી ઉપર લાકડી મારેલી તેમજ બંને પગની પેંડી ઉપર લાકડી મારેલી તેમજ ફરીયાદીના દિકરા ચંદ્રશેખરને જમણા પગના ઘુંટણ નીચે તેમજ ગુદાના ભાગે લાકડીથી માર મારેલ. જેથી ફરીયાદીનો દિકરો ભગતસિંહ વચ્ચે પડતાં તમો તમામ તહોમતદારોએ તેને ગડદાપાટુનો માર મારેલ અને બુમાબુમ થતાં નજીકમાંથી અન્ય માણસો આવી ગયેલ અને ફરીયાદી તથા સાહેદોને વધુ મારમાંથી છોડાવેલ તે વખતે તમો તહોમતદારો જતા જતા ફરીયાદી તથા તેઓના દિકરાઓને ભુંડી ગાળો બોલી, ઘાટ આવ્યેથી જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો.કલમ-૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલા છે ?

(૨) શું હુકમ ?

**(૯)** ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા ન્યાય નિર્ણયો નીચે મુજબ છેઃ-

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## નિર્ણયના કારણો

**મુદ્દા નંબરઃ- ૧, ૨**

**સાહેદોનો પુરાવો:-**

**(૧૧)** આ કામની ફરીયાદ વંચાણે લેતા બનાવની હકીકત એવી છે કે, ફરીયાદી જયારે તેઓના ગામ નજીક આવેલ શેરગંજ (કુણશેલા) ગામે માથાના વાળ કપાવવા સારુ શૈલેષભાઈ રઘુભાઈ નાઈની દુકાને ગયેલા અને દુકાનની બહાર નિકળેલ ત્યારે શેરગંજ (કુણશેલા) ગામના ઠાકોર સુંડાભાઈ મફાભાઈનાઓ તેઓની પાસે આવેલ અને કહેવા લાગેલ કે "તુ કેમ અમારા ગામમા વાળ કપાવવા આવેલ છે, કેમ રાધનપુર જતો નથી" તેમ કહી મા બેન સામી ગાળો બોલતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ જઈ તેના હાથથી ફરીયાદીની બંને આંખો ઉપર તેમજ મોઢાના ભાગે ફેંટો મારવા લાગેલ જેથી ફરીયાદી કાંઈ બોલેલ નહી અને તે મોટર સાઈકલ લઈ ઘરે જતા રહેલ અને ઘરે સુઈ ગયેલ. ત્યારબાદ આશરે ત્રણેક વાગે ફરીયાદી ના દિકરા **ચન્દ્રશેખર તથા ભગતસીંહનાઓ** ઘરે આવેલ અને ફરીયાદી તેઓને આ ઉપરોકત બનાવની વાત કરેલ તે પછી ફરીયાદી તથા તેઓના બંને દિકરાઓ મોટરસાઈકલમા બેસી આશરે સવા ત્રણ વાગે આ ઠાકોર સુંડાભાઈ મફાભાઈનાઓના ઘરે ઠપકો આપવા જતા આ સુંડાભાઈ મફાભાઈનાઓ હાથમા લાકડી લઈ આવી તથા જીતાભાઈ મફાભાઈનાઓ હાથમા ધારીયુ લઈ આવી તેઓના ઘરની બહાર આવેલ ગરબી ચોકમા ફરીયાદી અને તેમના બન્ને દિકરાઓ જયાં ઉભા હતા ત્યા આવી આ જીતાભાઈ મફાભાઈનાઓ મા બેન સામે ભુંડી ગાળો તેઓને બોલવા લાગેલ જેથી તેને ગાળો બોલવાની ના પાડતા આ જીતાભાઈનાઓએ તેમના હાથમાનુ ધારીયુ માથાના વચ્ચેના ભાગે તેમજ માથાના પાછળના ભાગે મારી દિધેલ અને ફરીયાદીને લોહી નિકળવા લાગેલ અને આ સુંડાભાઈ મફાભાઈનાઓએ તેના હાથમાની લાકડી ફરીયાદીના દિકરા ચન્દ્રશેખરના ડાબા હાથમા કાંડાના ભાગે મારી દીધેલ

અને તે પછી ઘરની અંદરથી તેઓનુ ઉપરાણુ લઈ બે બહેનો તેઓના હાથમા લાકડી લઈ આવેલી જે બહેનોના નામની ફરીયાદીને ખબર નથી, જેમાની એક બહેને ફરીયાદીને જમણા હાથે લાકડી કુણીના ભાગે તેમજ આંગળીના ભાગે મારેલ તેમજ બંને પગની પેડીઓ ઉપર મારેલ તેમજ બીજી બહેને ફરીયાદીના દિકરા ચન્દ્રશેખરને જમણા પગના ઘુંટણ નીચે તેમજ પાછળ ગુદાના ભાગે લાકડી મારેલ અને ફરીયાદીનો દિકરો ભગતસીંહ વચ્ચે પડતા તેને પણ આ ચારેય જણાએ ગડદા પાટુનો માર મારેલ.

**(૧૨)** આ ઉપરોકત ફરીયાદ વંચાણે લેતા બનાવમા ફરીયાદી અને તેઓના બંને દિકરા ઈજા પામનાર છે અને તેથી તેઓ ફરીયાદ પક્ષે મુખ્ય સાહેદો છે. ફરીયાદી – નરેશભાઈ સ/ઓ ચીમનભાઈ નેમાભાઈ ઠાકોર ગુજરી ગયેલ છે અને તેથી તેઓના બંને દિકરા **ચન્દ્રશેખર તથા ભગતસીંહનાઓ** મહત્વના સાહેદો છે તથા ફરીયાદી જે જગ્યાએ વાળ કપાવવા ગયેલા તે દુકાનના વાળંદ **શૈલેષભાઈ રઘુભાઈ નાચી** મહત્વના સાહેદ છે. ફરીયાદ પક્ષ મુજબ બનાવની શરુઆત પ્રથમ વાળંદની દુકાનની થયેલી. આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૪ તરીકે શૈલેષભાઈ રઘુભાઈ નાચી ને આંક–૩૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ત્રણ–ચાર વર્ષ પહેલા બનેલો. બનાવ કેટલા વાગે બનેલો તે સમય તેઓને ખબર નથી. કારણ કે બનાવ બન્યો તે વખતે તેઓ તેમના ખેતરે હતા અને તેઓ બપોરના ત્રણ વાગે ખેતરેથી ઘરે આવેલા. તેઓ ઘરે આવેલા ત્યારે તેમને જાણવા મળેલ કે ઠાકોર સમાજના લોકો વચ્ચે અંદરો અંદર ઝઘડો થયેલ છે અને આ સીવાય બનાવ બાબતે કંઈ જાણતા નથી. બનાવ નજરે જોયેલ નથી અને બનાવમા કોઈ ઈસમને ઈજા થયેલ હોય તે બાબતે કંઈ જાણતા નથી. આ રીતે આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા

નથી.આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૨ ચન્દ્રશેખર નરેશભાઈ ઠાકોર ને આંક – ૩૩ તથા સાહેદ નં.૬ તરીકે ભગતસીંહ નરેશભાઈ ઠાકોર ને આંક–૩૬** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ બંને સાહેદો તેઓના પિતાને કોઈએ માર મારેલ હોય તેવો કોઈ બનાવ બનેલ છે તેનો ઈન્કાર કરેલ છે અને તેઓને બનાવમા કોઈ ઈજા થયેલ છે તે બાબતનો પણ ઈન્કાર કરેલ છે અને તે રીતે આ બંને બનાવમા ઈજા પામનાર સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. આ ઉપરોકત ત્રણેય સાહેદોની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષ ફરીયાદ મુજબનો ગુન્હો પુરવાર કરી શકેલ નથી. જયારે આ ત્રણેય બનાવના મહત્વના સાહેદો છે તેઓ બનાવને સમર્થન કરતા નથી તેવા સંજોગોમા સાહેદ નં. ૧ અને ૨ કે જેઓ પંચો છે તથા અન્ય પોલીસ સાહેદોનો પુરાવો વંચાણે લેતા આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ ઉપર જે તહોમતનામુ ફરામાવામા આવેલ છે તે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ ઈ.પી.કો.કલમઃ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના આક્ષેપો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોઈ, આ કામના આરોપીઓને હાલના ગુનાના કામે દોષિત ઠરાવી શકાય નહિ. જેથી **મુદ્દા નં. ૧** નો નિર્ણય '**નકારમાં**' ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરવામાવવામાં આવે છે.

## **–:હુ ક મ :–**

**(૧)** આ કામના આરોપીઓ નં.(૧) જીતાભાઈ સ/ઓ મફાભાઈ રામશીભાઈ ઠાકોર, (૨) સુંડાભાઈ સ/ઓ મફાભાઈ રામશીભાઈ ઠાકોર, (૩) હિનાબેન વા/ઓ જીતાભાઈ મફાભાઈ ઠાકોર, (૪) રમીલાબેન વા/ઓ સું ડાભાઈ મફાભાઈ ઠાકોર, રહે તમામ. શેરગંજ (કુણશેલા), તા.રાધનપુર,

જી.પાટણવાળાઓને ઈ.પી.કો.કલમઃ-૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે.

**(૨)** આ કામે કબજે લેવામાં આવેલ કિમતી મુદ્દામાલ ખરાઈ કર્યા બાદ તેના માલિકને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે અથવા તો અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો તથા બિન કિંમતી કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના આરોપી દ્વારા ચાલુ ટ્રાયલ દરમિયાન કરી આપેલ જામીનખત તથા જાત મુચરકો આથી રદ કરવામાં આવે છે.

**(૪)** આ કામના પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબના રૂા. ૧૫,૦૦૦/- (અંકેરૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સદ્ધર જામીન દિન-૭ માં રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ **૧૭** મી, માહે-**માર્ચ**, સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬
પાટણ, મુ.રાધનપુર

**(રાજકુમાર રામસિંહ ચૌધરી)**
કોડ નં. જીજે-૦૧૫૧૨
એડીશનલ સેશન્સ જજ,
પાટણ, મુ. રાધનપુર.